નાણું રીરીન.

અંક પેહેલો—દેખાવ પેહેલો.

બામજીભાઈના ઘરનો એક ઓરડો.

[ઘર સંસારને લગતો થોડો સાદો સામાન. બામજી
તથા કોલીબાઇ બેઠેલાં દેખાયછે.]

કોલીબાઈ—તો હવે એમ બેસી નહી રહેવાય જો! કંઇબી કરીને છોકરીઓને તો ઠેકાણે પારવીજ જોઇએ!

બામજી—હાની ના કોણ કેહેછ, પણ જરા જોતું તપાસવું બી જોઇએની! આજે તો બેટી બાપ પોરિઆઓ કંઇ એવું લઇ બેઠાછ કે પાંચ હજાર ને દસ હજારજ માગવા લાગાછ, તો એ બધા આજાર લાવિએ તે કાંહાંથી?

કોલીબાઈ—વળી કાંહાંથી લાવે! કંઇબી કરીને લાવ્યા વગર છુટક છે? જે લોકોની પાસે હોતું નથી તે લોકો કરજ દેણુ કરીનેબી પુરૂં કરેછ, તો પછી તમારા મદાઇ એમ અબતી જાય તો તે કેમ પરવરે! કંઇ થોડું ઘણું ઘરમાંથી, થોડું ઘણું ઉછીપાછીનું કરીને કરવું તો જોઈએ! જી ભરાઇ છોકરીઓ માથાં ઉપરવારી થઇ ગઇછ!

બામજી—અરે પણ તે બધું ખરૂં! રૂપિયા પૈસાની વાત છેની! કરજ દેણુ કરીને લગનના ખરચ કરવામાં ફાયદો શું? ને તે કરતાં કંઇ અગાઉની પખી છે કે બસો પાનસોમાં કાસર પતે! એ તો જોઇએ તપાસિએ! ધીરે સાંસતે કંઇ કરિએ!

કોલીબાઈ—આપણે કંઇ કહારડાં માછડાં છેએ કે બસો પાનસોએ થાસે! આપણું નામ પરમાણે કંઈ નહીતો નાખી દેતાં પાંચ પાંચ સાત સાત હજાર તો જોઈએ! અરરે! તમારી તો કંઇ સુધ ઉબડતીજ નથી જો! હવે ખોટી નહીં થવાય! અરૂં! રાત દીસ મારો જીવ ચીકે ઓરવાઇ રહેછ! તમે ભાટીડા શું સમજો! છોકરીઓ હવે દારેવારેની થઇ, તે હવે એમ નાખી નહીં મુકાય! ઓ તોબારે!

(નાકે ખાસડું ઘસી) ખોટા કોઇને ઘેર દીકરી ના આપતો ! ને તો સારાં નસીબની, સારાં સહુખની ને સકન ઘેરની આપજે.

બામજી—આપણાં આય સુખવાસી ઘરમાં તું નાહકનો ઉભો કરેછ જો ! રાજા બોલ્યા ને દહાડી હાલી તે મુજબ મો પાંચ પાંચ ને સાત સાત હજાર બોલી તો ખરી, પણ તે કેટ થઇ ને તે કેમ પેદા થાય, તેનો કંઈ ખ્યાલબી છે કે ?

કોલીબાઈ—તે હવે તમે ગમે તે કેહેવો ! મારીથા ન- રહી હવે બેસાતું નથી ! પાર પરોસી, આયાં ગીયાં સઉ મને ટુંપા નાખેછ ! હવે તો કંઇબી કરીને એટલી પોરીઓનાં માથાં ધોઈ નાખી હલકી કરી નાખિએ ! હવે તમેબી જરા ઉજમ પકરો ઉજમ !

બામજી—પણ છોકરીઓનાં માંથાં ધોતાં આપણાં માંથાંની ટાલકી ઘસાઈ જશેની ! ને એ લોકોને હલકાં કરતાં આપણે ભારી થઇ જશું; તેનોબી કંઇ વિચાર છે, કે બસ અમથું બડબડિયાજ કરશે !

કોલીબાઈ—ત્યારે દીકરીઓ પરણાવાના કામ તે કંઇ શોખાંછ કે ? એ તો કેહેવત છે કે "દીકરી ને મીઠાંની હાંલ્લી !" માંથાંની ટાલકી ઘસાય કે દિલપરનું ચામડું ઉખડે, પણ દીકરી પરણાવવા વગર છુટક છે ? વળી જણ્યાં તો જોગવવાંજ જોઇએ ! કોઇ સારાં જેવાં ઠેકાણા જોઇ કહાડીને ચાર ચોખા નાખી આપિયા કે થયું !

બામજી—તું તો ઘેલી થઇ ગઈછ. એમ દોડા દોડમાં પોરીઓને કેથે ફાંસમાં નાખી દેશે. એક તો મોટી રકમ આપવાની વાત-વળી પાછલથી પોરિઓ કોઇ લુચ્ચો લફંગો મલિઓ, ને બધું ખાઇ ઉડાવી દીધું તો બેવડું દુખ ! આજના કેટલાક બેટી બાપ છોકરાઓમાં કંઇ ઢંગ ધડા છે ?

કોલીબાઈ—તે બધું થઇ રેહેશે. એ તો કેતી છે કે "ધાઓ ધાઓ ને કરમમાં હોય તે ખાંઓ," એમ એવા એવા અંદેસા કરીને બેસી રેહેતાં કંઈ પરવરે કે ? "નાખો ઘરમે ને ખાય કરમે !"

બામજી—વારુ તારે હું જોઉંછ, કોઈ દોસ્તદારો સાથે વાત કરૂંછ. મારા એક દોસ્તનો છોકરો સોલુ ધોલચો છે, તેના બાપ સાથ તો વાત કીધેલીજ છે.

કોલીબાઈ—એ ધોલચા પોલચા કંઈ આપણે ઘેર ચાલે નહી જો ! તમે જાણોછ ! આજ કાલની છોકરીઓને તો મોટે ઘેરના તેવા તરીમ તરાકિયા, છબરૂ બેસકા માસકા, શીકેલા ભણેલા વરો જોઇએ !

તે આગલા દહાડા હવે ભુલી જજો હોં ભરૂ ! તમુને તો મેંજ સંઘરિઆ જો ! આજની છોકરીઓને એવા વરો ગમે બમે નહી જો !

બામજી—કોલી, તું ખરેખર તારી દીકરીઓનો દુશ્મન છે ! અરે ! એ લોકોને એવા વરો અપાબ્યે કે આપુ સહી હાડકું રોળી, રળી કમાઇ, આબરૂથી પોતાનો સંસાર ચલાવે ! કોઇ ધંધાદારી શોધી કાહડવો જોઇએ !

કોલીબાઇ—ના ના એમ કંઇ થાય નહીં, એ સુતાડા લુવાડા શું બરિઆછ ! કોઇ વકીલ બારીસ્ટરો નહીં, તો ડાકટરોમાંથી શોધી કાહરો ! ઓ વાયરે ! જી ભરૂ આવરી આવરી મોટ્ટી છોકરીઓ કીધી, તે લોકોને શીખવવા કેળવવા પાછળ કાંકરાની પણી પૈસા વેરિયા, તે મુવા સુતારડા લુવારડાઓને આપવા સારૂં કે !

બામજી—(સ્વગત) શું જમાનો આયોછ ! પારાવારાબી અસવારમાં ખપવા માંગેછ ! ગરીબની દીકરીઓનેબી મોટે ઘેરના ને તરીમતરાહિયા વરો જોઇએછ ! ગરીબરા સંસારમાં ઉચરેલા છોકરાઓને મોટે ઘેરની ખૂબસુરત ને શીખેલી છોકરીઓ જોઇએછ ! (કોલીને) બાપુ, મોરની ચાલ તીતરને છાજે નહીં, સમજી કે ? ગરીબરાંઓએ ગરીબ સંસાર મુજબ, તેવા, પોતાને બંદબેસ્તા, પોતાનીજ હાલતના કુટુંબો તરફ નજર કરીને કામ લેવું જોઇએછ. મોટાની હવેલી જોઇ ગરીબે પોતાની ઝુપડી તોડી પાડવી નહીં ઘટે.

કોલીબાઈ—તમે બોલી રહયા બામજી. પણ મને તેવું કંઇ જોઇતું નથી. મુવા સુતારડા લુવારડા શું બરિઆછ ! ઓવારૂંરે આપણા નામ પરથી !

બામજી—તારે હું જાણુંછ કે તું દુકતીઓને ફસાવી મારવાની ! આજે કેટલાક છોકરાઓ ફરાવન થઇ બેસેછ ને પણવા અદરાવા ના કેહેછ, તે તમારા લોકોની આવી શીસિયારીથીજ ના કેહેછ. ખેર, હું મારી નાજાંને તો મારા બોલચા સાથેજ પરણાવશ—એ મારી રાંક પોરી છે.

કોલીબાઇ—રાંક પોરીનું કેવું હેત ખાએછ જો ! નહીં નહીં, હું એ બંધેને વાસ્તે સારે સારે ઘેરના વર સોધાઉંછ !

બામજી—કોલી, તું કાંય બેજાર કરેછ ! પેલી શીરીનને તો તેં તારા એવા એવા બેહુદા વિચારોથી છકાવી મુકીછ, પણ આ બીચારી નાજાંને નો ઠેકાણે પાડવા દે ! એ છોકરીનું કાજ મારી ખુશીનું મને કરવા દે.

કોલીબાઈ—ઠીક છે, તારે હું મારી શીરીનને વાસ્તે તેવો સારો જેવો વર સોધાઉછ. શેહેરિયાર! (થોભીને) શેહેરિયાર! (જવાબ ન મળવાથી) અરેરે મુવો શું કરેછ!

શેહેરિયાર—(અંદરથી) અરે જી બાઈ! સેઠના ખીમા કરેચ.

કોલીબાઈ—વારૂં! વારૂં! કંઇ નહી! શેઠનો ખીમો કરી, પછી નીચે બમનદારૂ બજી ભણુવા બેઠાછ, તેવણુને કેજે કે જતા જતા મને મળતા જાય.

શેહેરિયાર—(અંદરથી) વૅારૂ બાઇ! બેહુંચજી.

બામજી—કોલી, તુને ફરીથી કેહુંછ જે ઉતાવળ કરીને ફાંસાંમાં ના પડતી હો! એ કાજ કરનારાઓ તરેહવાર કાવા દાવા કરી લોકોને રૂપાના દાદર ને સોનાના દોરડાં દેખાડી ફસાવી મારેછ જો!

કોલીબાઈ—એતો બધું જે થવાનું હોશે તે થશે. તમે અમોલા અમોલા રૂપિઆની ગાંસડી તૈયાર કરો, દીકરીઓનાં માથાં ધોવાંછ, કંઇ મસ્કેરી નથી!

બામજી—રૂપિયાની ગાંસડી કાહરો કરી બોલી તો ખરી, પણ તે કેમ નીકલે તેનો કંઇ વિચાર છે! થોડે પૈસે આપણે આબરૂ ઇજતથી પોતાનો ટેક સાચવીને ફરિયેછ, ને કદી કોઇ પાસે ઉછી પાછીનું માગતા નથી, તે પરથી આપણો ભરમ ભારી દેખાયછ, તે બધો હવે ઉઘડી જઈ ફજેતીના પારાવાર તું કરાવશે! દીકરીઓ પરણાવવીછ તે કંઇ ગુનેહગારી નથી કરતાં.

કોલીબાઇ—ગુનેહગારી એક મુકીને સો વખત! કેતી છે કેની કે "જેને ઘેરે કન્યા તેને પરમેશ્વરે દંડયા"? જે વાત લાયાછ તે!

[બમનદારૂ દાખલ થાયછે.]

બમનદારૂ—(તપકીર સુંઘતાં નાંક લુછતાં) કેમ શાહેબ?

કોલીબાઇ—મોબેદ, તમે હજી મારી નાજાં શીરીનને વાસ્તે સારાં જેવાં કંઇ સાસરાં લાવતા નહીં?

બામજી—તું નાજાંની વાત રેહવા દે. આય જુઓ બાદશાહ, નાજાંને સારૂ તો મેં શાપુરજી ધોલચાના છોકરા સોલુ સાથે વાત કીધેલી છે. બાપ ને દીકરાને બેહુને વાત પરસન પડતી છે. તમે નાજાં સારૂ તો તે તરફજ જરા નજર રાખજો.

બમનદારૂ—(બેસતાં ખુરસીપર શીવવાનું મુકેલું છે તે માહેલી સોય ભોકાવાથી બુમ પાડેછ.) અરે અરે! તમારૂં ભલું થાયરે! આય બધી શોય ઘોંચાઇ ગેઇ!

કોલીબાઇ—(ગભરાઇને) અરે રીટરે! મારેજ હાથે એ સોય મુકાયલી જો! મું'ઈનું મારૂંબી કેની તે ભેજુ હવે ઠેકાણે નથી જો!

બમનદારૂ—અરે કંઇ નહીરેજી! એનું તો હવે શમજિયા! તમે કાંય અમથાં તમારા જીવને કુહરાવોશ! શોય મોકાઈશ તે કંઇ લાભજ થાશે. (અટકાર ખાયછ) ને કોલી કાકીને કેઉં કે એ ઘોલશોબી આશામીતો શારો હોં! ઘોલશાનો પોરિઓબી ઠીક શે. કેહવો તો તાંહાંજ તમારૂં શોકરૂં ગોઠવી આઉં.

બામજી—એ શું બકોછ બમનદારૂ! એનું ચોકરૂં સાનું ગોઠવવા નિકલી આયાછ?

બમનદારૂ—તે શોકરીને વાસ્તેજ તો!

કોલીબાઈ—પણ મારી શારીનને સારૂં તો કંઇ તેવો સારો જેવો બીજો છોકરો જોઇએ જો!

બમનદારૂ—શે, તેબી નજરમાં એક શે! શોકરો એવો શે કે બે ઘડી જોયાજ કરિએ! ડગલા આપલાકાના પેરેશ, હાતમાં વાટીંગ સ્ટીક ને આંખે ચમશો લટકાવીને ફરેશ, તે લાગેશ એવો મજાનો કે બસ કેહેવાયજ નહીં! નરો નરો જાણે જાંગલો! (સ્વગત) નહીં પારસી કે નહીં ઢેરો. પણ તેને શારૂ જરા રકમ શારી જેની જોઇશે. ગામ બધું આપતું આયુંશ, તે તેમ કરિયા વગર હવે તો શાલતુંજ નથી.

કોલીબાઇ—હવે તેનું તો થઇ રેહેસે! દીકરીઓને કંઇ અમથી ઉંચકી ઉપારીને તો આપી નથી દેવાની! પણ તેને જરા જોઈએ તો ખરાં, ને વાત બંદ બેસે તો રૂપિયા પેહરાવીએ. આપણે ઘેર આવે, તેમ હોય તો જરા લઈ તો આવો!

બામજી—પણ પોરિઆની કંઇ બીજી તપાસ કીધી કે બસ આલપાકાનાં ડગલા ને ચશ્મા પરજ! તે પોતે કેવી કિસમનો છે, ઢંગઢરા કેવા છે, કંઇ ધંધો હુનર જાણેછ, માબાપ કોણ છે, તેની કંઇ ખબર કાહરી કે બસ!

કોલીબાઇ—તે બધું થયા કરશે! છોકરો જી ભરાયો સારો જેવો હોય તો પછી નસીબમાં જે લખેલું હોય તે ખરૂં. એમતો તમો બાર ને બાર ચોવીસ વરસ સુધી ધસકરો ધસિઆ કરશો તો કંઇ વળવાનું નથી!

બમનદારૂ—હા બરાબર શે, એ તો એમજ શોકરાં બંદ બેશે જો! એમ બધું પુશવા પાશવા બેશશો કેની તો આજે શોકરા મલવા

મુશકેલ શે ! આજે ગામમાં શોકરીઓનો એકદમ એટલો બધો તો વધારો થઇ પડિયોશ, કે તે લોકોના માય બાપો તભરીયાં પર તભરીયાં પારેશ, તોબી બીશારીઓના ઉઠાવ થતા નથી. તેવી વખતે તમે એમ શારૂં માહું જોવા બેશશો તો કામ થવાનુંજ નથી.

બામજી—તે મોકાણ બધી તાંહાંજ બળીચની તો ! ગામમાં છોકરીઓ કંઈ એટલી બધી વધી પડીજ નથી. એ તો છોકરીઓનાં માય બાપો અમથાં અધીરાં પડી ગીયાંછ. અગરજો એ માય બાપો જરા ધીરજ પકડવા શીખે તો ગામમાં છોકરીઓની જે હલકાઇ થઇ પડીછ તે થાય નહીં.

બમનદારૂ—બામજી શેઠને કેહું કે તમારા જેવા વિશારના ગામમાં ભાએગે શો હજારે એકબી મળે ! એમ લાંબા ટુંકા વિશાર કરિયા કરિએ કેની તો શોકરીઓના ઉઠાવ થવા ઘણા મુશકેલ ! વાસ્તે જો શોકરી ઠેકાણે નાખવી હોય તો કંઇ નરમ ગરમ જોઇને લાગલું ખોદાનું નામ લઇ લેવું જોઇએ !

કોલીબાઈ—હા, બા, હા, એ તો એ કામ એમજ હાર પડે ! તમે છોકરાને જરા લાવો.

બામજી—પણ છોકરાનાં માબાપને પુછાવિએ તો સારૂં લાગે. તે લોકોની ખુશી મરજીથી કામ લઇએ તો સારૂં. છોકરીને માથે વાંસે કોણ ?

કોલીબાઇ—તે છોકરીને માય બાપ સાથ પરણાવ્વીછ કે ? પણનાર ધણીને પસંદ પડી તો બસ ! એ માથે ને વાંસે ! ખદાયનાં કામ ખદાય કરે ! ને તે કરતાં પછી તેના માય બાપનેબી કેહે કેહેવાડ કરીશું.

બમનદારૂ—કોલી કાકી કેહેશ તે બરાબર ને કટાકટ શે જો ! ને તે કરતાં શોકરાનાં માબાપ કાંઈ નથી. તે પોતે પોતાની ખુશીથીજ બધું કરેશ. શોકરોબી ઘેર શોધેશ તે એવું શોધેશ કે ઘેર જમાઇ થઇને રેહે ! (સ્વગત) જીવે તાંહાંવેર હરામનું ખાય ને મરે તારે શશરાની ખાંધે બેશીને જાય !

કોલીબાઇ—એમ છે કે ! તારે તો ઘણુંજ સારૂં ! આપુણેબી એવોજ છોકરો જોઇએછ ! જી ભરૂં મારી શીરીનને આજવેર નજર આગલથી દુર કીધી નથી; તે હવે કેથે બાહર કાહાડવા ગમતીબી નથી!

બામજી—પણ તે પોરિઓ કેવો છે તેતો પેહેલ્લાં જાણિએ ! માથે માબાપ નથી ! છોકરી આપવીછ તો તે કેવો છે કેવો નહીં, તે જાણિએ તો ખરાં !

બમનદારૂ—અરે શાહેબ! શોકરાને વાશતે શું પુશવું! તેની જડફ જોઇને તમે તો બસ ખુશજ થઇ જશો.

બામજી—પણ અમથો જોવાનોજ, કે કંઇ બીજું ભંડોલ છે? કેટલુંક સીખેલો છે?

બમનદારૂ—ભંડોલ ને શંડોલ. પુશવા બેઠાકેની તો શોકરી પરણાવી રહ્યા હોં! આજે શોકરાજ કાંહાં શે? એક શોકરાપર શતરશો જણા તુટી પડેશ, તેમાં એમ શાવા શાવી કરવા બેઠા તો સુજમાં રોજા ખોલશો. શારો મજેનો શોકરો શે—હમણાજ હજીતો મરત્યુંક કલાશમાં પાશ થાવા જવાનો ઉતો!

કોલીબાઈ—લેવો તારે હવે બીજું શું જોઇએ!

બામજી—(સ્વગત) મારી નાખિયા! આ અંધીયાડાએ કોલીને પુરી ભમાવી મુકી! થયું હવે!

કોલીબાઈ—ચાલો, બમનદારૂં તમે હવે ખોટી ના થાવો.

બમનદારૂ—ઠીકશે તારે! પણ મારી મેહેનત ભુલાશે નહીં જો!

કોલીબાઇ—નહી રે બા! એમ કંઇ ભુલાય કે? તમુને પગે પડીને ખુશી કરીશું. (મોબેદ જાયછે.) લે ચાલો હવે તમે કંઇ તલવેલમાં રેહવો. ગાંસડીની તૈયારી કરો!

બામજી—તારી જીભ તો કાતરની પખા ચાલેછ! ગાંસડી ને ગાંસડા શાના કરાવા બેઠીછ? આએતો ધુર થયું, ને આએતો પથર થયું! કંઇ કશો વિચાર વાત છે?

કોલીબાઇ—ઓવારૂં રે! એ તમો સારે સપરમે દહાડે શું બકોછ! ઓજીયાં મુવાં કોઇ ભુંડાને મોને ધુર પથર શાના નાખવા નીકળિઆછ!

બામજી—પણ તારે શું કરૂં! પોરિઓ આવીને સાંબો માથે પરવા માગેછ તો તેનોબી કંઇ વિચાર હોય કે નહીં? આજના જે સમજુ છોકરાઓ છે તે કોઇનીબી દરકાર રાખતા નથી. તે લોકોને એટલું ગુમાન છે કે કોઇને આસરે પરવું નહી, ને તેવી વખતે જારે આ પોરિઓ પેહેલાંથીજ ચોખ્ખો માંથે પરવા માગેછ, તારે કોણ જાણે તેનામાં કેવી કમાલ એબ હોશે, તેનો તો કશો વિચારજ નહીં!

કોલીબાઇ—એ બધી વાત હવે તમે ટોપલે ઢાંકો! જે કંઇ બનવાનું હોશે તે બનશે! તમે તમારા મદઈનો જીવ ના કુહરાવો! અરે જતી જનમારમાં એટલી બે છોકરીઓ પરણવાની છે તો જરા હોંસ અબખરાથી ઉજમ પકરો! [સર્વે જાયછે.]

અંક પેહેલો—દેખાવ બીજો.

બાગ.

[જહાંગીર બોલી ફરતો તથા ગીત ગાતો દાખલ થાય છે.]
" Ratty Madam is my name "—રાહ.

જહાંગીર—

તમે જોઇને અજનયબ ના થાવો મારા ભાઈ,
છું એસકી ફાંકડો હું એક જુવો મારો Neck tie,
સર્વ એસકી જવાનોમાં હું કરૂં છું સરસાઇ,
હું રાખી રોબ ને ફરૂંછું. જુઓ મારી સફાઇ;

કોરસ— { જોલી જીંગુ મારૂં નામ, (બેવાર)
એસકી ફાંકડો હું છું એક, (બેવાર)
દમ્મન છે મારૂં ગામ.

હું જાઉંછું દર સાંઝે પાલવા બંદર ઉપર,
કોઇ એસકી નારી જોઇ કરૂં તે પર નજર,
કાંઇ Spectacle લટકાવી ચાલું લટકતી ચાલ,
આ ઈંગલીશ કટના Pantloon ને હાથમાં રેશમી રૂમાલ—જોલી.
કાંઇ એસકી થઇ ફરવા કાજે રાખું fashionable બાલ,
મારો બાપ હતો જાતે ગરીબ, ઉતા બુરા તેના હાલ,
કાંઈ કેશમીર Suit ને patent Boot લેઇ હાથમાં Walking stick,
રૂમાલપર છાંટિયું Jockey club, બાલ પર છે Cosmetic;—જોલી.

[બમનદારૂ દાખલ થાયછે.]

બમનદારૂ—ઠીક થાયું કે તમે મલી ગીયા, હું તમારે તાહાંજ આવતો થો. તમે ઘણા દાહારા થયા પછારી લાગી રહ્યાતા તે તમારે શારૂ, શારૂ જેવું ઘેર શોધી કાહરિયુંશ. તમે માંગતાતા તેવુંજ ઘેર શે ને રકમબી ખાશી મજાંની મલશે.

જહાંગીર—પણુ મોબેદ, છોકરી મેં જોઇ નથી તો પછી ?

બમનદારૂ—તો પશી વરી બીખો ને બશી !

જહાંગીર—નહીં, નહીં, એમ નહીં ! છોકરીને નજરે જોઇજ નથી તો પછી તેનું કેમ ?

બમનદારૂ—તેનું કેમ ? જેમ આડમ પર નેમ ! બશ, બશ, તમે લોકો એ વીશવાશજ ! બરૂશોજ નહીં ! મેં જોયલી શે છોકરીને.

જહાંગીર—તમે જોઇછ તેમાં મારૂં શું વળ્યું ! તમે થોરા તેની સાથ પણવાના છેવો જે?

બમનદાદારૂ—અરે નરી મડમ જેવી શે ! પાણી પીએશ તો બધું ધાટામાંથી દેખાએશ. તમે જરા જોશો તો પાશેથી ખીશવાજ નહીં માંગશો ! પણ તે કરતાં હું એમ પુશું કે તમે જારે ખુબસુરત શોકરી માંગોશ, તારે શોકરીબી પુશશેની કે તમે કેવા શેવો ! પોતે વરી કાગરાની પાંખ જેવા ખાશા મજાના મકાઇ બાઉ જેવા ને શોકરી ખૂબસુરત જોઇએ !

જહાંગીર—પણ એક બીજનેબી સવાલ છે કે છોકરી કંઇ શીખેલી ભણેલી ને સુધારાવાળી છે, કે પેલી કેટલીક અણઘડ અપટ બૈરીઓ આવેછ તેવી છે?

બમનદાદારૂ—એ આએ તમું લોકોને જં દલદર આવેશ કેની તે કેશું એમજ આવેશ ! ધણી મુવા પોતે પાટી પર ધુર નાખી મુવેલા ને બૈરી શીખેલી જોઇએ ! શોકરા મકાઇ બુઠ્ઠા જેવા હોય, ને શુધારાવાળી કેહેવાતી તેવી કોઈ "ગોટપીટ શોટપીટ" કરતી શોકરી મળે, તારેજ પશી બસ્શાજીઓ, બાર વાગે બાર ! તે કરતાં ઓરો આવ, તુ જારે આટલી બધી પતરાજી કરેશ, તારે તુનેબી કોઇ જોવા માંગશે ને તું કેટલું શીખેલો શે તે જાણુવા માગશે, તારે તું શું જવાબ આપશે? તારૂં તોહું !

જહાંગીર—તમે સમજતા નથી મોબેદ ! વરી છોકરાઓની પુછપરછ કોણુ કરતુંતું ! ને છોકરાઓને જોવા કોણુ માંગતુંતું જે?

બમનદાદારૂ—તો જો ! શોકરાને માંથે તે કંઈ ગેનડાના શીગરાં ઉગેલાં હોશે ! વારૂં જારે તુને શીખેલી શોકરી જોઇએશ, તો મારા જવાબનો શવાલ આપ કે 'શુંમાવણુ' ને અંગ્રેજીમાં શું કેહે !

જહાંગીર—(ખડખડ હસીને) મરી રેહવો મરી મોબેદ !

બમનદાદારૂ—આએ ધણી મુવા હશિયા ! શાતરેશાત શુમાલશો જેવું શે ! વારૂં જોઉં, 'શેવન્ટી શેવન' એટલે શું?

જહાંગીર—બમનદાદારૂ, હવે તમે એ બધા ટોળટપ્પા લગાવોછ કે કંઇ રસ્તે ઉતરોછ? તમે અંધિયારડાઓને જરા કોહું આપ્યું કે બસ કટકટજ કરવાના !

બમનદાદારૂ—કેમ કાંઈ મગજમાં બહુજ પવન લેઇને ફરતો દેખું ! તુનેજ બોલતાં આવડેશ કે?

જહાંગીર—હેં ! એ સુકો દમ અહિંયા બહિંયાં નહીં ચાલવાનો હોં ! તમારા જેવા સાતને મારા ખીસામાં લેઈને ફરૂંછ, ખીસામાં ! સમજિયા !

બમનદારૂ—એમ છે ? ઠીક બસ્શા તારે તો તું પણુણી રહ્યો !

[ગુસ્સામાં ચાલવા માંડેછે, જહાંગીર અટકાવેછે.]

જહાંગીર—ગરી કાંહાં કરાએછ ! બમનદારૂ, પેલી વાત !

બમનદારૂ—ચાલ ખીશ દુર થા ! (ચાલતાં ચાલતાં મનમાં) હુંબી તો ખરો કે આજે એ ગોલામ બસ્શાને પગે પડાઉં તોજ રેહું !

જહાંગીર—બમનદારૂ, એકાએક એ ભુત શાનો ભરાયો ? એમ શું કરોછ ?

બમનદારૂ—(ગુસ્સામાં) એમ શું કરોશ ? તું એટલો બધો તારા મનમાં શાનો મલકાએશ ? એકું બે શોપડીના શીથરાં શીખીને જરા "ગોટપીટ શોટપીટ" કરતાં શીખિઓશ તે પર કે ?

જહાંગીર—અરે, અરે, એમ આજે એકદમ છેક તીખાસપર શું આવી જવોછ, બમનદારૂ ?

બમનદારૂ—અરે શાલ લાંન્ડા ! તારા કરતાં મોટા તો મારા શોકરાઓ શે ! મારા ગુઠણુ શમાનનો થાયો નથી ને એટલી ટેં ટેં ને ફેં ફેં શાનો કરેશ ? હું તારા બાપ જેવો લાગું, તેને તું શું લામટામ જખાં કરશે કે ?

જહાંગીર—(સ્વગત) નખ્ખોદ ! બમનદારૂ તો આજે ઘણાજ ખટાસપર આયાછ. (લગાર નરમ પડીને) લે ચાલો હોસે, પંચાતી માંડી વાળો.

બમનદારૂ—તે એમ એમ કંઇ નહીં ! પેહેલાં મને પગે પડીને તું બોલિઓ તે શુખનોની તોજેશ કર.

જહાંગીર—અરે હવે અખારા કરોની તો ! એમ છેક શું ઓહનીપર આવોછ. ચાલો બસ હવે ખાટું થઇ ગીયું.

બમનદારૂ—એ ખાટું ને મોરૂં હું કંઇ શમજવાનો નથી. બશ એકદમ પગે પર, નહીં તો હમણાં બધું શઉ ફનાફાતિઓ કરી નાખુશ !

જહાંગીર—(સ્વગત) એને આજે શાનો ભુત ભરાયોછ ? (બમનદારૂને) લે હવે રસ્તા વચ્ચે મારી ફજેતી ના કરોનાતો !

બમનદારૂ—ત્યારે ફજેતી બાગીકુંબીહોતો હોય તો જલ્દી પગે પર.

જહાંગીર—અરે પણ પગે પડે તેથીજ ફજેતી થાયછ તો.

બમનદારૂ—ત્યારે વેક વેહલો થા. જલ્દીથી પગે લાગ.

જહાંગીર—(આજુ બાજુ જોઇને કોઇ જોતું નહીં હોય તેવી રીતે ઝટ લઇને પગે પરેછ) માફ કરો ચાલો.

બમનદારૂ—એ તો પગે પડયો ! હવે તોજેશ કર ! માર મોનામાં બે તમાશા ને કર તોબા !

જહાંગીર—હવે ઘણું થાયછ તે સારૂં નહીંજો, બમનદારૂ.

બમનદારૂ—તમાશા મારતો હોય તો માર ને નહીંતો આય શાલિયો. (જવા ચાહેછ તેને જહાંગીર અટકાવી તેનાજ મોનાપર તમાચા મારવા જાયછ જેથી ચીરડાયછ) લાંડા, તોજેશ કોણ કરેશ ? તું કે હું ?

જહાંગીર—(અજાણો થઇ) તમે તમાચા મારવા કહ્યા તે તમાચા મારૂંછ !

બમનદારૂ—મને તમાશા મારે કે તુંને પોતાને ? તોબા કોણ કરેશ તું કે હું ? શાલ વેલો થા.

જહાંગીર—(પોતાને તમાચા મારેછે) લેવો હવે થયા રાજી ?

બમનદારૂ—તમે લોક પેલા ઠાલા શણા ઉફરાએ ઘણા, તેમ ઉફરઘ કાંય મરોશ ? ઘેરમાં વાંશ ફરે તો હાલ્લું નહીં જરે, ને એમ શીશિયારી શાના કરોશ ? જો, સાંભર ! શે, શોકરી તો તમારા કરતાં વધારે શીખેલી શે ! ખાસી મજાની ખાયશ, પીયેશ, પેહેરેશ હોયેશ ! તમુને વાટર શીલીકના ડગલા જોઇયેશ તો તેને શટાર શીલીકના પોલકા જોઇયેશ. તમુને મોટું વાચ જોઈયેશ તો તેને નાનું કલાક જોઇયેશ. તમુંને તાણ રૂપિયાના બુટ જોઇયેશ તો તેને સાત રૂપિયાના શલીપાટ જોઇયેશ. તમોને વાટકીન સ્ટીક જોઇયેશ તો તેને શાતીનની શતરી જોઇયેશ. એવી તે શંશલ ને શોકવાલી શે. શીખેલી ભણેલી એના કરતાં તે કેવીએક જોઇયેશ !

જહાંગીર—ચાલો, ચાલો, એ બધાનું તો હવે સમજ્યા, પણ રકમની વાત વીસરાય તેમ નથી જો ! તે નક્કી હોય તો ચાલો, હું તૈયાર છઉં.

બમનદારૂ—તારે તો જો કાલે મને મરઘા શેરીમાં પેલું વગર પાયાનું એઠી ખાંમણીનું ઘેર શેની, તેની પાસેની પોરમાં, ડાબા હાથની જમની બાજુના શઠા ખુણામાં ઓટલા પર મરઘીનું પીંજરૂં શે, તે ઘેરમાં આવીને મલજે, હું તાં બધું સટલ કરી આપશ.

જહાંગીર—ઠીક છે ચાલો. [બંધે જા યછે.

અંક પેહેલો—દેખાવ ત્રીજો.

બામજીના ઘરનો એક ઓરડો.

કોલીબાઈ—(અંદરથી) લે ચાલો છોકરીઓ ! ચોક એક પુરીને તૈયાર થઇ જાઓ. ઓએ જી ભરાયા છોકરાઓ આવતા હોશે.

નાજાં—હાજી, (કંઇ નુછતી નુછતી) તૈયારજ છઇએ !

શીરીન—(ચોક પુરતી) કેવા મજેના ચોક પુરાયછ ! નાજાં જોની !

નાજાં—હા, એતો છેજ તો ! હાથ ફરે તાંહાં લખમી ?

નાજાં—ચાલ સીરલા, હવે પેલું રતાઇ મડમવાળું ગાયન તું ગા.

શીરીન—ગાંઉં ? તુને તે ગમેછ ? લે ત્યારે ગાંઊછ.

I have seen a deal of gaiety, I lead a jolly life;
My name is Retty Madam, the handsome Parsee's wife.
The thing I most excel—in dressing neat and tight,
In silken Suits and patent Boots, the brightest of the bright.

Chorus. { For Retty Madam is my name,
Good for every drink at night,
From brandy to champagne—For.

[બામજી દાખલ થાયછે.]

બામજી—(સ્વગત) ગરીબ બીચારી છોકરીઓ ! કેવો મીઠ્ઠો હલક ! કેવું સુંદર ગીત ! કેવી નીરદોશ નારો ! બાપડીઓને કશી ફકર કે ચંતા છે ! [કોલીબાઇ આવેછે.]

કોલીબાઇ—એ વરી તમે આજે એવા બરિયલ જેવા કેમ બેઠાછ ? જુઓની આ જી ભરાઇ છોકરીઓ કેવું મજેનું ગાયછ.

From Meadow street to Esplanade, the people all exclaimed,
Oh there goes Retty Madam, the handsome Parsee's dame—
I oft I ride on Arab horse, and. cut my gentle Capers,
And private consort oft I sing, and oft I write to the papers.
For.

[સોલુ ઘોલચો દાખલ થઇ બામજી કોલીબાઇને પગે પડેછ.]

કોલીબાઈ—(જરા ખાટે મને) આવો બા!

બામજી—એસો બા આવો. સારી પડે તો છેવો. (તેને પગપર પડતો અટકાવી) એમ નહીં કરિએ બા! એ તો ઉલટું હમુને ગુનાહ-માં ભરાવાનું થાયછ!

સોહરાબ—ફરજ છે! વડાં વડેરાંને નમિએ તો પેટ ભરીને જમિએ! એમાં કંઇ નીચા માબાપના થઇ ગીયાં કે!

બામજી—બા એ તો તમારી લાયકી છે! વારૂં બા જીવતો રેહેજે! [છેલો કોરશ પાછો ગવાયછ.]

સોહરાબ—(ગીત સાંભળીને) બાવા, આપણાં ગરીબ ઘરમાં આએ એંનકોતક હારાં નહીં લાગે!

કોલીબાઈ—(સ્વગત) આય લેવો! જેવા સસરા ઉતા તેવા જમઇ શોધી કહાડ્યા! કોઇ જેવું હોયતો ખુશી થાય! (સોહરાબને) કાંય બા, એમાં તમુને અણઘટતું શું લાગેછ? આબરૂ ઇજતસર બચ્ચાં છોકરાં પોતાના ઘરમાં પોતાના કુટુંબ કબીલામાં ગાય વજાડે તેમાં શું છે?

સોહરાબ—એ એમાં આબરૂ હાની, ને ઈજત હાની! મારૂં કેહેવું એ કે ઘરમાં પોરીઓના દીલ કામપર લાગે નીહ! એવું નીહ હોય તો વધારે હારૂં! (બમનદારૂ આવેછે) આવોં બમનદારૂ, આવો!

બમનદારૂ—આય આયો શાહેબ! કેમ શોરાબજી, સારી પખેન તો ખરા. [તપકીર આપેછે, સોહરાબ ચમટી લેછે.]

સોહરાબ—હા, બા હારી પઠે છઇએ. (સ્વગત) તમે બાપા અહીંથી મીઠો ગારો મુકો!

બમનદારૂ—કેમ કોલીકાકી, બેઠાંશ કે? (કૉલીને એક તરફ તેડીને) તમારી શીરીનનો વરબી હવરાં આવેશ હોં! પણ શોકરો જરા નાદાન છે, તે જરાક બોલો શાલો તે જોઈ તપાસીને હોં? નહીં તો શંસની નહીં પડે! જે કહે તે હા કેજો!

બામજી—(સ્વગત) એ પેલો દારૂસ વરી એને શું ચપટા આપેછ! (મોટેથી) મોબેદ શું છે? અહીં આવોની!

બમનદારૂ—મુરબ્બી શાબ કંઈ નહીં! એ તો લગનના ઘેર તે કામ બધું બૈરાં શાથે.

કોલીબાઇ—(બામજીને) હા, હા, બરાબર છે. હું તમુને બધું કેહુંછ, તમે જરા મારી સાથે અંદર આવો.

[બામજી તથા કોલીબાઇ જાયછે.]

બમનદારૂ—વારૂં શીરીનબાઈ, તમે કંઇ અંગ્રેજી જાણોશ કે? તમારા વરને તો એવી બૈરી જોઇયેશ કે અંગ્રેજીમાં બોલતી હોય, અંગ્રેજીમાં છરી ચુપ્યાએ ખાતી હોય, ને ગાઇ વજારી જાણતી હોય!

શીરીન—હાજી. મને તો અંગ્રેજી આવરેછ ને ગાતાં વજારતાંબી આવરેછ. હું આસા રાખુંછ કે તેવણુનેબી એ બધું આવરતું તો હોશેજ.

બમનદારૂ—(સ્વગત) આશા શાની રાખી મરેશ! (શીરીનને) વલી હાજતો! આવરે નહીં તારે અમથો પરણુવા નીકલિયો હોશે? શાત કલમનો ધણી છે, શાત કલમનો! ડાબે હાથે અંગ્રેજી લખેશ, પગે ફ્રાલશી લખેશ, ને જમને હાથે તો કંઇ શેકરો હજારો શીજ શરશર પરપર ને ફ્રરફ્રર કરી નાખેશ! હુશિયારીની વાત શું પુશોશ! (સ્વગત) લાંન્ડો એવો શજ્જર બીલુ શે કે હાતનું મુકેલું પગે નહીં રાખે તેવો! કામ તો પારી જુઓ! (શીરીનને) તારે જોઉં વારૂ, મને જવાબ દેવો કે હાવડું ઇડું એટલે શું?

શીરીન—(હસી પડીને) તમુને બરાબર બોલતાં નથી આવડતું! હાવડું ઇડું નહીં, how do you do? એટલે તમે કેમ છેવો?

બમનદારૂ—હા, હા! તેજ તો! હુંબી એમજ બોલ્યોતો. વારૂ શીધીભાઇ આદા મુડીને શું કેહે? શાલો વેહેલાં થાવો! વીશાર શું કરોશ?

શીરીન—એનો તો કંઇ અંગ્રેજીમાં બોલ નથી! સીદ્દીને તો નીગ્રો કહેછ.

બમનદારૂ—આએ થાયું તારે! જોયું કેની! આટલો શેલ્લો બોલ! negro brother ginger root, એટલે સીધીભાઇ આદા મુડી.

શીરીન—(હસીને) અરે તમારૂં ભરત થાએરે મોબેદ!

બમનદારૂ—વારૂ તમારી અક્કલપર ધુર પરેરે! તેને શું કેહે?

શીરીન—ખરેખર મોબેદ તમારી અક્કલપર તો ધુલજ પરેલી લાગેછ! મોબેદ, હવે તમારાં વરસ વેચાએછ! તમે સાદરી ફ્રાનસ લઇ સાંજે પવનચક્કીપર બેસોછ કેની, તે બધા જણા આવું ફ્રાટું ફ્રાટું તમુને શીખવી તમુને બનાવતા હોશે! બળિયારે તમે મોબેદના થતા!

બમનદારૂ—થાયું! આએ તરિયાપાવ ફેંકીયા! dust fall on your senses! આગલ શાલો, વારૂં જોઇએ તો ખરાં. આપણે જે શાંધરાં હરીશો ખાઈએશ, તેને અંગ્રેજીમાં શું કેહેશ?

શીરીન—એ તો આપણા લોકોનું એક પકવાન છે, તેનો અંગ્રેજી બોલ કેમ હોય ?

બમનદારૂ—ઘણુંજ ડાહ્યાં ! અંગ્રેજ લોકોને શાંધરાં હરીશો ખાવા ગમતો નહીં હોશે ! હરીશોને અંગ્રેજીમાં two hundred ને fifty કેહેશ, એટલુંબી જાણતાં નથી? ને સાંધરાંને hundred holes કરીને કેહેછ ! સાંધરાં એટલે શો આંધરાં ! વારૂ આપણે આએ શપટાં ખાઇએશ તેને અંગ્રેજીમાં શું કેહે ? હવે એમબી કેજો હોં, કે અંગરેજ લોકોને સપટાંબી ખાવા ગમતાં નથી !

શીરીન—તે ખરૂંજ તો. અંગ્રેજ લોકો ચપટાંની વાત જાણતાંજ નથી ! એ તો બધી મોહકાણ તમે લોકોએજ પોતાના હોજરાં ભરવા સારૂં અજાણા લોકોને ભમાવીને આપણા લોકોમાં દાખલ કીધીછ !

બમનદારૂ—ખાધું પેટ ભરીને તારે ! આએ શીખેલી છોકરી તો જુવો ! અરે શપટાંને અંગ્રેજીમાં dead men's sweet bread કેહેશ, હવે શમજિયા ! વારૂં, આએ મારી શગીની શોકરી શે, તેને અંગ્રેજીમાં બોલી શમજાવોની જોઉં.

શીરીન—તે એમાં શું મોટી વાત ! She is my relation's child.

બમનદારૂ—એમ અંગરેજીમાં ટાક કરશો કે? Relation માં તો શગોબી આયો ને child માં શોકરોબી આયો. મારો શવાલ તો શગીનો ને શોકરીનો ઉતો. છટ ! છટ ! અરે એમ કેહો કે It is my she relation's she children.

શીરીન—બસ કરો હવે. બમનદારૂ, હવે બસ કરો !

બમનદારૂ—આટલું શરખું તો આવડતું નથી ને અમથી શાની ઉફરાઇ મરોશ, કે અમેતો મડમજ થાઇ ગીયાં !

શીરીન—(ગુસ્સામાં) મોબેદ વરી હું બોલતી નથી તાંહવેર કે! એ તમે તમારા મનમાં ચાય સું પીયોછ ?

બમનદારૂ—લે શાલો, શાલો, આએ તમેજ બોલ્યાં કે તમે તમારા મનમાં શાયે શું પીઓશ, તેઝ અંગરેજીમાં બોલી દેખાડોની જોઉં ?

શીરીન—એને અંગ્રેજીમાં એમ કેહેછ કે You are a great goose !

બમનદારૂ—હોયજ નહીં. ખોટું ! શાયનો બોલ કાંહા શે. What tea you drink in your mind, એમ કેહેવું જોઇએ.

[જહાંગીર આવેછે.]

જહાંગીર—(અકડમાંજ) સાહેબજી, સાહેબજી.

બામજી—(ટીકીટીકીને જોઇને) નંગ તો ચોખ્ખું દીવાની જોત જેવું લાગેછ ! કમબખ્તી પોરાની ! આ પોરિયા સાથ સંગ કાસી જાય એમ લાગતું તો નથી ! (મોબેદને તેડીને અલગ) અરે આ વાયલ જેવો પોરિઓ કાંહાંથી શોધી કાહાડિઓ ? ઘર પર સર તો દેખાતુંજ નથી !

બમનદારૂ—કાંય તે પોરિયાને શું થાયુંશ ! તમારાં કરતાં તો મજાનો લાગેશ ! અને એ તો આજના શીખેલા પોરિઆ તે એવાજ તો ! તે આગલા દાહરા હવે ભૂલી જાજો !

કોલીબાઇ—એ શું છે ? વરી તમે લોકો શાંની ટપાટપી કરોછ ! આએ જી-ભરાયો છોકરો આયોછ, તેની સાથ કંઇ વાત કરોની ! બા આવો જાંગીરશાહ ! (બામજીને બતાવીને) જુઓની એવણ શું કેહેછ !

બામજી—નહીં રે હું તો કંઇ કેહેતો નથી ! બેસો, બેસો, તાંહાંજ બેસો બા. કંઈ ચાકરી ધંધો છે કે ?

જહાંગીર—નહીં, હાલ તરત તો કંઇ તે પર ધ્યાન નથી, જોઇશું પછી વખત વારે વાત.

બમનદારૂ—મુરબ્બીને કેહું કે ગીએ વરશ કમબખ્તી બેંકમાં એવણને શાકરી ઉતી ! એ તો કંઇ હમણાજ પણવા બદરાવાની ગરબરમાં પરયા, તે શાકરીપર પાણી રેરિયુંશ. (સ્વગત) ચાંખરાને ખબર નથી કે શોખ્ખો માથે પડેલો શે !

કોલીબાઇ—તે હવે એ તે કંઇ વાત કરવાની હોય કે ? આપણું જે ધારવેલું છે તેજ કરોની ! ઉઠો રૂપિયા પેહેરાવવાની તૈયારી કરિએ.

[બમનદારૂ, બામજી તથા કોલીબાઇ જાયછે. ફુટકલિઆ વેચનારા, જેવા કે બારીમાં કાચ જડનાર, ઉન વેચનાર, ઇત્યાદીના બહારથી સાદ સંભલાયછે.]

જહાંગીર—(થોડોક વાર સોહરાબને ટીકીટીકીને) તમે કંઇ મારી નજરમાં આવોછ ખરા ! બા, તમે કોણનાં દીકરા !

સોહરાબ—હેઠને કેઉ કે પેલા હાપુરહા ઘોલચા ભાઇનો દીકરો થાઉં.

જહાંગીર—(લગાર ટકોરમાં) અહ ! હાપુરહા ને વરી સાથે ઘોલચાભાઇ ? (સ્વગત) નામ્ખોદ ગીયાનો જીવતો કેથો સખ્ખ જતો દેખું ! (સોહરાબને) વારૂ ! વારૂ ! ને મુરબ્બીનું નામ ?

સોહરાબ—મારૂં નામ હોરાબજી ઘોલચા.

જહાંગીર—બાવા ધંધો શું કરેછ ધંધો !

સોહરાબ—બજારમાં મોટી દુકાન છે ને ધંધો પહતાગિયાનો કરે.

જહાંગીર—(અજાયબ દેખાવ સાથે ટકોરથી) અંહ ! હવે ઓરખિઓ ! પેલો પાંઉ મારકીટ આગલ સપલ ઇડાંવારો બેસતોતો તે તમારો બાપ થાય ! તો ભલા આદમી એમ પાધરૂં બોલોની ! કંઇ કોહેલાં સડેલાં ઇડાં ને વાસીકુસી તરકારી વેચી આખે દહાડે બીચારો બે પાંચ આના કમાતો તો, તે પસતાગીયો થઇ ગીયો ! ને એક ઘેરનાં ઓટલાપરતું કચરાની પેટી જેવું આટલુંક નાનું સરખું ખોપતું હતું. તે મોટી દુકાન થઇ ગેઇ કે ? [ખુબ હસેછ.]

સોહરાબ—તીઆરે તમે મારા બાપને ઓલખતા ઓહો ?

જહાંગીર—(ટકોરથી) અરે હારે યાર હા ! ઓલખુંછ તારેજ તો ! અમે લોક કેની તે ઇડાં એવણુનીજ દુકાનેથી લેતાતા, ને જયારે કોહેલાં નીકલતાંતાં તારે પાછાં છુટાં તેવનનાજ મોનાપર મારતાતા, ને વરી ઉપરથી એકા ઘોલચાબી લગાવતાતા ! તે વખતે એ સપલા ઇડાંવાલાનો દેખાવ એવો મજેનો લાગતો તો કે આખ્ખું બજાર તેનો રકાસ જોવા તુટી પરતુંતું.

સોહરાબ—(ટકોરમાં) એમ ! એમ ! તારે કેથી ઘોલચાની અમારી અટક પડેલી તે એ તમારા ઘોલચાપરથીજ ઓહે ! મને તેની ખબર નીહ ઉતી ! ! (સ્વગત) ન્હાનજી ભટે મારા બાપને તો દીઠેલોબી નીહ ઓહે ને હુંબી ઝડપ લગારે જો ! (જહાંગીરને) વારૂ તમે મુરબ્બી કોણુ હાએબના રોહન ચેરાગ થાઓ !

જહાંગીર—ફરામજી ફકીરાનો દીકરો છેઉં બા, સમઝયા કે ?

સોહરાબ—ફરામ ફકીરે ! તીઆરે પેલી હોબાઇની સુખલીના તમે દીકરા થાઓ.

જહાંગીર—હા, મારાં માએનું નામ સુખલીબઇ ઉતું, પણુ ખરૂં પુછાવોતો તે એવાં નામ મને ગમતાંજ નથી. સુખલી ને સોબાઇ ને ફકીરા ને બકીરા ! એ બધાં આગલાં જંગલી જમાનાનાં જંગલી

નામો છે. મારૂં જો ચાલતું હોએ તો એવાં એબિયલ નામો બધાં નાબુદજ કરાવી નાખું!

સોહરાબ—(ટકોરમાં) હા, બા હા, તેવાં બધાં નામો નાબુદ કરાવવા હાથેજ તેવા નામ ધરાવનારાઓનેબી લાગલા ગરદન મરાવી દેઓ તો બહુ હારૂં! વારૂ, એ હુખલીને ઘેરતો એકજ પોરિઓ ઉતો, ને તેનું નામ તો ચાનજી ઉતું, તે તમારૂં નામબી તમુને ભાવેલું નીહ તે બદલીજ નાએખું કે હું?

જહાંગીર—તેનું હવે સમઝયા, પણ તમે મારા માંએ બાપને ઓલખતાતા કે ઘોલચા કાકા?

સોહરાબ—હાજતો; ઓલખે નીહ! તારી પદીમ અમે કંઇ એવાં હગાં વ્હાલાં ને હાદામાદા નામના વડાવડેરાને હીનતા નથી! એ હુખલી તો મારી હગી થતીતી, હગી! ને ઘણું હુધી અમે હાથે એકજ ઘેરમાં રહેલાં વહેલાં. તે બીચારાં કેવાં ગાય ગરીબ જેવા ઉતાં. (સ્વગત) તેવા ગાય હરીખાને ઘેર આવા ઘોધા પેદા પડેલા!

જહાંગીર—(ફ્ફડી ચટકીને સ્વગત) હવે તારે મને સમઝ પડેછ કે મારાં માએ બાપ જે અનઘડ જેવાં ઉતાં તે કેથાં આવાં અરબંગ અને અભણોની સાથે રહી મુવેલાં, તેથીજ એવાં અણઘડ ને ઓગરાં રહી ગીએલાં.

સોહરાબ—(સ્વગત) હારૂં થીયું કે તે બીચારાં બેહેમાં હધાવિઆં, નીહ તો આ વાએલ જેવા પોયરાના રાજમાં હેરાન થતે! (જહાંગીરને) પણ તે લોક જેવારે અણઘડ ને ઓગરાં જેવાં ઉતાં, તો તે લોકોને પાંજરાપોલમાંજ મોકલી દીધાં હોતે તો હારૂં થાતે! તમારા જેવા હપુતને ઘેર એવાને રાખવાંજ જોઇતાંતાં નીહી! પણ તમે તો હવે બણીગણીને હારા હુધરેલા થઈ ગીયા નીહ?

જહાંગીર—(ચીરડાઇને) તે વલી કોઇને કહી પુછીને કે! Stupid Dunce જેવો Brute ની પખી પલાંઠો મારીને બેઠોછ તેજ દેખાડી આપેછ કે તારામાં સકાર કેટલા છે! મને ખોદાએ પરબી એવો ગુસ્સો લાગેછ કે આવા Dirty idiots ને પેદાબી શું કરવા કીધા હોશે!

સોહરાબ—તમે ઘભરાવો ના જહાંગીરહા! એમ ખોદાએ હાથે વઢી પડવા જતાં વખતે મગજની આગરી બાગરી ખોહી જહે! જેમ હમારા જેવાને પેદા કીધાછ, તેમજ ખોદાએ તમારા જેવા થોડા ઘણા મકાઇ દોરાબી પેદા કીધાછનીતો બા! ભલે કાજ કે તમારા જેવા હોભણ હાભણનાં હાબુઓરા દુન્યામાં છે તો દુન્યાં ચાલેછબી!

જહાંગીર—ખરૂં કેઉછ ધોલચા કાકા કે તમારા જેવા Ugly brutes ને લીધે અમારા જેવા કેટલાક સારાં માણુસોને ઘણું નરસું લાગવા જેવું થાએછ !

સોહરાબ—કાંય બાપા ! એમ કાંએ વારૂં !

જહાંગીર—તો આએજ જોઇ મરોની, કે નાજાં સાથે તમારાં લગન થશે તો આપણે સાળા બંધેવીનાં નાતામાં આવી જઇશું.

સોહરાબ—બહ કરો બાપા બહ કરો ! જીભનાં જરા નખ ઉતરાવો ! તમારા જેવાને તો ઘટેછ કે દમપર હુમાર રાખીને ફરવું ! જાજી ટેંટેં કરતાં બધું ભંડોલ ઉઘડી જાએ તે વખતે હેરાંન થઇ પડહો !!! (સ્વગત) નખોદ ગીયાને હારા બંધેવી ને હાહુની હગાઈની તો ખબરબી નથી !

જહાંગીર—લે ચાલો તારે હવે આપણે એ બધી વાત પડતીજ નાંખિએ ને એક બીજી વાત કેહુંછ તે કરશો ?

સોહરાબ—બોલો તો ખરા. કરવા જેવી ઓહે તો કરહું, તેમાં હું છે !

જહાંગીર—તો તમે આએ નાજાં સાથે પરણુવાનાં તો અખાડાજ કરો, ને જેવા આયાછ તેવાજ સેતાન ડાભો ને મોહડું કાળું કરી અંહીથી વંજો માંપો !

સોહરાબ—(સ્વગત) તારૂંજ મોહું કાલું કરની ! (જહાંગીરને) કાંએ બાપા, એટલું બધું હું કરવા ! એમ કરવાનું કંઇ કારણુ ?

જહાંગીર—તેનાં કારણ બે છે, એક તો એકે બીચારી નાજાં તમારા જેવા કુહાર ગામડયા બોચના પંજામાંથી છૂટે, ને બીજું તો તમારી સાથની સગાઇની એબમાંથી હું બચી જાઉં ! જો તમે મારો એટલો સુખન રાખશો તો કોઇ દહાડો હું કામનોજ છેઉ ! હા, કેહી મુકુંછ.

સોહરાબ—(ઠંડે કલેજે) તું મને હું કામ લાગહે બાપા, કેહે તો ખરો ! જરા જોઉં !

જહાંગીર—અરે હમારા જેવા માહાન પુરૂષો શું કામ લાગે એમ પુછવું તેજ હેમાકત ભરેલું છે ! અડી બીડીએ પાંચ પૈસા લડાવી ઉભા રહીયે ! જો તમારા જેવા અગરગચાઓ જો કાંઈ આંટી કાંટીમાં આવી જાએ તો તાપમાં ને તાપમાં આવી તમારો છુટકો

કરીને છોરવી લાવિએ! કામ પડે તારે બેલાશક આવજે, ખાલી હાથે પાછો મોકલસ નહીં, પાંચ પૈસા ઝોંસસ!

સોહરાબ--(ટકોરમાં) વારૂં બા વારૂં! ખોદા તમુને જીવતા રાખે ને એમ ગરીબ ગુરબાને પાંચ પૈહા જાંહતાંજ રેહેજો! (સ્વગત) ઘેરબારનો તો લીલો મુઓછ! વાંહ ફરે તો હાંલ્લું નીહી જરે, ને વરી પતરાજી કેટલી! ભહિયારખાને ખાવું ને ઓટલે આગણે હુંવું તેવા હાલ છે. કોઇનાં ઉછીપાછીનાં કોકા કકરાવોને ચીલ ઝપટનાં દાવ હોખતા ફરે તેવા આહામી તે વળી મને પાંચ પૈહા જાંહહે!

જહાંગીર—કેમ વાત કંઇ ધ્યાનમાં ઉતરેછ! વિચાર શું કરોછ?

રેજોની ભાઈ આવે વખતે—રાહ.

સોહરાબ—લઇ જાવુંછે જગમાંથી ભાઇ કોને હઉં,
બે પલમાં ઉડી જાવુંછે આ હાચું કહું,

જહાંગીર—કોટ પાટલુન બુટ પેહેરીને ફક્કડ અક્કડ થવું,
વાકીંગ સ્ટીક લેઇ બેન્ડ સ્ટેન્ડપર ફરવા સાંજે જવું;

કોરસ { બીલ્યર્ડ યા કૉનસર્ટમાં જાવું, ખાવું હોટેલમાં જઇ યારો,
ડીયેટર સ્કેટીંગ રીંક મોરીનસને ત્યાં આઇસક્રીમ ઉપર મારો.
ખાધું પીધું લીધું દીધું લેઇ બગલમાં નાજુક નારો,
કોનનાં બાવાની દીવાળી રડસે રૂવાલો બીચારો.

સોહરાબ—કિરતારે દીધા પૈસા કરવા કામો ઘણાં,
ટાલો દુઃખો અંધા લુલા હુઠાઓ તણાં.
દીકરા દલનારનાં ને, બાવા વેચે ચણા,
ખીસાં ખાલી ભપકો ભારી ન જોવી મણા;

કોરસ- { જીંદગી મારી આ દુખિયારી, હાદાઇ હારીછે અંતરથી,
હાચ્ચા પર રહેવા ને પૈહે છું દુખી હંતોહી ઘરથી,
લેવું તેણું દેવું જાણે નહીં દુખલા નાદેવો કરથી;
દસ્મનનો રહતો દેખાડે ક્યાંતો જેલ તણી લેએ ભરતી.

જહાંગીર—હોય તું જેવા ઇડયટ તો દુનિયાં ઉંધી વરે,

સોહરાબ—તારા જેવા મક્કઇ બુઢા બહુ ટેં ટેં કરે!

જહાંગીર—બંદાતો, નાખપર માંખ નહીં બેસે, તેવાસે ફરે,

સોહરાબ—લાંબા હે ટુંકા જાએ મરે કાં માંદા પડે!

કોરસ-

જહાંગીર—બાવા તેલ પળીથી વેચે,
સોહરાબ—બેલ થઇ તું ઘાંણી ખેંચે.
જહાંગીર—ધોબીના ઘરનો ગધ્ધો તું,
સોહરાબ—ઓરંગઓટંગ જેવો તું છે;
જહાંગીર—સીંહ શીકારી સેવક તો છે,
સોહરાબ—ઉંદર જોઇ બીહ મરેછે,
જહાંગીર—એક અવાજે હાથી મારૂં,
સોહરાબ—મારની તોપો કોણ પુછેછે.

[નાઝાં શીરીન આવેછે.]

સોહરાબ—આવોની નાઝાં, હમણાંજ આએ તમારી હીરીનબાઇનાં વર મને એક ઘણી હારી હીખામણ દેતાતા ! જો તમારીબી તેવી મરજી હોય તો ચાલો તેમબી કરિએ.

નાઝાં—તે શું છે ? કંઇ સારી શીખામણ હોયતો અક્ષબત તેમ કરવામાં આપણ બધાંને લાભજ છે ! કેહેવોની તે શું છે તે.

સોહરાબ—વાતમાં જીવ હરખું કંઇ નથીરે ! અમથો આટલી જેવી વાત છે કે, તારી હાથે પરણવાના અખાડા કરી અહીંથી ચાલતી પકડું ! બીજું કંઇ નીહી !

નાઝાં—કાંએ કાંએ એમ શા સારૂં !

સોહરાબ—તે એટલા હારૂં કે મારા જેવા કુહાર ગામડયા ઓચનાં પંજામાં તું બાપડી ફુહે નીહી, ને બીજું એ કે મારી હાથની હગાઇથી એવણ હેઠનું નાક કપઇ જઇ એબ લાગેછ તે લાગે નીહી !

નાઝાં—(લગાર ગુસ્સાથી) એવણને એવું કંઇ લાગતું હોય, ને તેથી એવણનું નાક કપાઇ જતું હોય તો ભલે કપાય ! તેમાં આપણે શું કરવાનાં ઉતાં !

શીરીન—નહીં ! નહીં ! નાઝું ! મારા જહાંગીરશાહનું બોલવું ખરૂં છે. મેંબી અમણા તુંને એ થકી તો કહ્યુંતું. મારા જહાંગીરશાહની પખી મનેબી તારી ઘણીજ દયા આવેછ !

નાઝાં—એ તારી દયા ફયાની મને જરૂર નથી ! હું તુંને કહી મુકુંછ શીરીન કે એમ તું છેક પોમારે જાએછ તે સારૂં નથી લાગતું ! જાણી હવે તુંને કે તું શેઠાણીને દરજજે પુગીછ. હું છેઉં ને મારો વર છે. શું છે મારા વરને ? તેવણ ગમે તેવા છે પણ મારે મનથી મારાં માથાનાં તાજ ને મારા હૈડાનાં હાર છે. જેવા છે તેવા મારા અખ્ખઈ રહ્યા મારે માથે કાયમ રેહે એટલે બસ !

સોહરાબ—(સ્વગત) હાબાહ ! બઈરી કહિએ તે આને કહિએ ! પણુંતો પુત પાલણેથીજ જણાય. થારો, બઈરી કરવી હોય તો આવીજ કરજો.

ચાલ વેહેલી અલબેલી પ્યારી રાધે—રાહ.

શીરીન—થઇ ઘેલી તું વહાલી બેની મારી.—ટેક.
તને ખાવીંદ ગમે કેમ ?
નાજાં—તું આ પસંદ કરે તેમ.—થઇ.
શીરીન—પણુવો એસ્કી રૂડો રંગનો રૂપાલો,
નાજાં—હોય ચોર યા જુગારી કે નઠારો,
જહાંગીર—ડરતી બીસ્ત જાને ગાંચી તેલવારો !
સોહરાબ—છે મઝા એ ખાનદાનીમાં વીચારો,
જહાંગીર—નોનસન્સ ! નોનસન્સ ! લાયક પ્રાણુ.
નાજાં—દીલોજાનથી કુરબાન,
જહાંગીર—એ દેવી, એ હનુમાન,
સોહરાબ—ના, ના, ભુત કે શેતાન ?
શીરીન—ઘણી ખોટો પ્યારી.—થઇ ઘેલી.
નાજાં—ભલે સાદો પણુ લત ભુજવાળો,
(શીરીનને) નથી નફ્ટ ખાવીંદ જેવો તારો,
જહાંગીર—ગધ્ધો, ગોરસ, શું જાણે, આ ગમારો,
સોહરાબ—પડહે ખબર આકળા ના થાવો વારો,
જહાંગીર—અભણુ, અંધ, બલદકંધ,
નાજાં—ચુપ જુબાન કર તું બંધ !
જહાંગીર—તજ સમંધ અકલમંદ,
શીરીન—ના બુલંદ, દોલતમંદ,
નાજાં—પણુ છે મરજી મારી.—થઇ ઘેલી.
શીરીન—એસ્કી વર ઉપરથી જાવું હુંતો વારી,
નાજાં—હોય ભપકો પણુ ખીસા હોય ખાલી.
જહાંગીર—જો વીચારી.
નાજાં—એ છે જો ગુણુકારી,
સોહરાબ—વાહ ! હાબાહ, મળજો આવી હઉને પ્યારી.
શીરીન—માને સુખ, શું લઈ ભૂખ,
નાજાં—એના સુખ, તની રૂખ.
જહાંગીર—માની દુખ, બાળે સુખ,

સોહરાબ—આવે દુખ, ચાખો ભૂક,
જહાંગીર—તજ લવારી તારી.—થઇ ઘેલી.
શીરીન—ઘણી તેજ, કદી દામન ગજામાં,
રાખે કર્જ કરી બેરીને મઝામાં,
નાજાં—નાખવો ધણી શું દુઃખના પંજામાં,
શું સમાયું વલી શુખ એ મઝામાં,
જહાંગીર—યસ ન કેમ?
સોહરાબ—વહા વા પ્રેમ,
જહાંગીર—યુ બી ડેમ!
સોહરાબ—કહો તેમ,
નાજાં—ખરી નેમ તો છે પ્રેમ,
જહાંગીર—આવે રેહેમ, નહીં કેમ?
નાજાં—અમને સાહાઇ સારી—થઇ ઘેલી.

[કોલીબાઇ થાલીમાં પીગાની, ગોલાબબાસ, એ નાળિએર, રૂપિઆ તથા હારડા લેઇ આવેછે, અને તીળો કરી હારડા સાથે રૂપિઆ બંધે જમાઇને પેહરાવેછે. જહાંગીરને તીળો કરી ઓવારના લેછે, પણ તે બેદરકારથી બેસી રહેછે. સોહરાબ તરફ અભાવ હોવા છતાં, તે જહાંગીરને, સાસુને તથા સસરાને પગે પરેછે. અંદરથી ગાયનનો અવાજ આવેછે.]

ગૌરી—ગરબી.

એવીરે વખાણી સબ્દ વાણી અવદસ પાલવ ઝાલીએ.
ધનધનરે કુખે માએ તમારે મોટીની થાલે વધાવીએ.
મારો જાંગીરજી ઘોડે તે ચહડસે સાંબોલે શુભ શોભશે.
માતા ભરોરે મોતીની શેશરે,
ભાભી કહે હું આદરની લેસરે.

[જહાંગીર પોતાના હાથમાંનું નાળિએર બોંયપર મુકી હારડો કાહાડી નાખેછે. બમનદારૂ નાળિયેરને રૂમાલમાં લપેટી હારની કલ્લી કરી પોતાની પાઘડીમાં ખોશેછે. સોહરાબ નારિએળ હારડો સઉ સાથે લઈ, જવા ચાહેછે, બમનદારૂ આશીદાદ માંગેછે.]

બમનદારૂ—એ કાંહ કહડાએશ. લાવ કંઇ ઝાંશેશ કે નહી? શાલ જોઉં મીઠું માહનું કરાવ.

સોહરાબ—લે લે બાહડા, તારા નહીબનું તું બી લે ભાય.

[સોહરાબ તણુ રૂપિઆ આપી જાયછે. બમનદારૂ જહાંગીર પાસે આશીરવાદ માંગેછે.]

બમનદારૂ—શાલ લાવ હવે તું તોલ જોઉં, ડાબે હાથે ઝટી દે, શાલ વેક વેહેલો થા.

જહાંગીર—અરે તમે ધભરાવ ના બમનદારૂ. એમ છુટક છુટક આપેલું શું કામનું ? બધું એકઠું થવા દેઓ, હું તમુને છેલે બેકપર એક આપશ.

બમનદારૂ—અરે પણ તારા એકપર બેકને હું શું કરૂં ? હમના કંઇ ઝટની !

જહાંગીર—આપસરે આપસ તમે ધભરાઓ ના.

[જહાંગીર જાયછે બમનદારૂ ડઘઇને જોયા કરેછે.]

બામજી—આએ નાહલો દુકતો છેક ઉડ ઉડ કરી રહ્યોછ તેનું કેમ થશે કોણ જાણે ?

કોલીબાઇ—(બમનદારૂને) હવે તમે ઉભા રેહને જોયા શું કરોછ ! (પંચાગ આપીને) જુઓની લગનનું મુરત કયારે છે ? જેમ નજીકનું મલે તેમ શોધજો. આજે બરૂશા નહી ! દાહરા કાહારેલા ખોદા—તરત બરતમાં જે થઇ જાએ તે ખરૂં. [બમનદારૂ પંચાગના પાના ઉલટાવી, આંગળાંપર ગણી, જરા ડોલા ચઢાવી મુરત જણાવેછે.]

બમનદારૂ—(સ્વગત) ધન, મકર ને કુંભ; મા, બાપ મારશે બુમ. મીન મેશ ને વરખ; લગન કરવાનો બહુ હરખ. કરક, સીંહ ને કન્યા; જેવાશે તેવા પણ્યા. મીહુન, વરસ્ચક ને તોલા, જમાઇજી તો શે પોલા. (કોલીબાઇને) તરીજો શંદરમાં શે તે આંગમાં ગરમી રાખે. મંગળ શોથા ઘરમાં શે તેથી કજીઓ કંકાશ કરાવે. પાશમો શુકર શે તે મનમાંનતું શુખ આપે. શઠો રાહુ શે, તે શોકરીને ભારી. નવમો રવી સ્વભાવને ગરમ રાખે, ને શુરજની માફક તપેખી જો ! બુધ ઘણીનો લાભ આપે ખરો, પણ પાશા ઝેવાના તેવા ! મેલ કરવત મોશી નો મોશી ! લગનનું મુરત નજીકનુંજ શોધ્યું શે, નહીં તો બે તાણ મહીના પર વાત લંબાણ જાશે.

કોલીબાઈ—નહી, નહી, એટલે લાંબે શું કરવા જઇએ, ને ભલાં કામમાં ઢીલ શું કરવા જોઇએ ? વેહેળા વેહેળા ચાર ચોખા નાખી આપો.

બમનદારૂ—તે, તે લોક કંઇ ના કેહેવાના નથી. તે લોકોબી કેહેતાંતાંજ કે જલદી થાય તેમ શારૂં. [બન્ને જાય છે.]

અંક પેહેલો તમામ.

અંક બીજો—દેખાવ પેહેલો.

રસતો.

[જહાંગીર તથા શીરીન આવે છે.]

શીરીન—આએ પોલકો ઉતાવલમાં તૈયાર થયો કેની તે તેનો કટ બરાબર નહી થયોજો ! અંગ્રેજ દુકાનદારોબી નામેજ મારી ખાએછ, નહીં જાન !

જહાંગીર—પણ પોલકાઓ પાછલ ખરચ કેટલો થયોછ તેની ખબર છે ? એ તો મારૂં દિલ દુલ્લું છે, તેથી દરકાર નથી કરતો કે ચાલો ! ખાનાર પીનારને સાહેબ આપનાર, તેમ થઇ રહેશે.

શીરીન—જાન, આજે તો મોરીનસને ત્યાં આઇસક્રીમ ખાઇનેજ જઇએ.

જહાંગીર—ઓ યસ, માઇ ડિઅર. [બમનદારૂ આવેછે.]

બમનદારૂ—(સ્વગત) આ લાંડો હવે શપરાયો તે ખરો ? (જહાંગીર પાસે જઇ) કેમ હવે તું મારી આશોદાદ આપેશ કે નહી ! શું શું ઉંધા શદ્દાં કરી તુને ઠેકાણે પારી આપિયો, જે મોજ મજામાં ફરતો ફરેશ, તો લાવ હવે જલદી !

જહાંગીર—(બમનદારૂને એક તરફ લઇ જઇ સમજાવેછે) અરે એમ શું કરોછ ! એ મારી બૈરીના દેખતાં ફજેતી થાયછની તો !

બમનદારૂ—તો ગોલામ, ફજેતી ભાગી બીતો હોય તો ટોલી દે ! બએ શશાર મહીના થાયા શોધુશ, તો મલતો નથી ! ઘેર જઇએશ તો શેઠાણી કેશ કે શેઠ પોહરેલા શે, પશી આવજો મોબેદ ! એમ વાયદા કરી કરીને કારેશ ! જાને એના બાપના શાકર હોઇએ !

જહાંગીર—જરા અખારા કરો, હાત બીડમાં છે ! થોડું ઘણું ઉતું તે હેમા હુકકો મારવાડી ખેચી ગીઓછ ! જોઉંછ વલી, એક બે દાહરામાં તમારોબી કાટ કાહારી નાખસ !

બમનદારૂ—શારૂં તારે ! હમણા તો જતો મુકુંશ, પણ પાશી ફેંટ પકરાશ હો ! મુજી બસ્શાઓને મલે નહીં તારે કામ શું કરવા કરાવેશ ! વારૂ શાલ હવરાં જરા નાક શુકાએશ તેથી બેવરાને વાશતે કંઇ ફારિગી ખન તોલ. [જહાંગીર આપેછે ને બમનદારૂ જાયછે]

શીરીન—જાન! એ શું છે? બમનદારૂ એટલો શાનો તડકાતો તો?

જહાંગીર—કંઇ નહી રે! એ તો અમથો. કઇ આપ લેની વાત છે, એ તો સઉ થઇ રેહેશે.

શીરીન—નહી, નહી, થઇ કેમ રેહે! મારેબી તે જાણવું તો જોઇએ.

જહાંગીર—અરે હારે હા! તે કેહુંછની તો બધું!

શીરીન—પણ તે ક્યારે કેહેશો? એમ રસતા વચ્ચે ફજેતી શું? નાનસેનસ! I don't like it at all.

જહાંગીર—તારે એમ આએ ગોધયારૂં કરયા કરશું તો આઇસક્રીમ વેચઇ જશે ને પછી રવરી રેહેશું જો ડીયર! હા, હું નહીં જાતું બા! [બંધે જાયછે.]

અંક બીજો—દેખાવ બીજો.

બામજીના ઘરનો એક ઓરડો.

બામજી—(સ્વગત) અફ્સોસ! એક વાર મારી કેવી ઇજત હોરમત ઉતી અને હાલમાં હું કેવી નામોશી વચ્ચે ભરાઇ બેઠોછ! કજિયા કંકાસથી બીહીને જેમ કહ્યો તેમ ખરચ તો કીધો, પણ જ્યારે માંગનારાઓનાં તકાજાપર તકાજા ચાલેછ ને આજ કાલ વખતે વારંટમાં પકડી બી જશે, તેવી વખતે મને દીલાસો આપનાર ને મારી દયાનું ખાનાર કોઇ મલે નહીં! [શેહેરિયાર માંગનાર સાથે અંદર તકરાર કરેછે.]

શેહેરિઆર—થુને અંદર નેઇ જવા દેય. ચાલ જા, નેઇ થો થારા માંથા ભાંગી નાંખેચ.

બેલીફ—ચલચલ! ચમી કોન હાય તે ઓલખતેસ કાએ? માજા નાઉ મીસતર રામચંદર. તુજા બામજી શેઠ ઘરામદી અસતાની તુ માલા મદી જાઉંન નાહી દેઈત, પણ બગ, માજા કામા મદી હરકત કેલીસ તર તુલા ચોકી મદી ગેઉન જાઇલ.

શેહેરિઆર—શું ચુકીમાં લેઇ જાયેચ? થારા ભાપના કંઈ ખાધા બાધાચ, કે થું મેને ચોકીમાં લેઇ જાએચ? મારા સીઠના

હુકમ થેઇચ કે કોઇને એંદર આવવા નોઇ દેચ. હું સીઠનાં પેગાર નથી ખોતી કે થેનાં હુકમ નેઇ માનેચ. ચાલ જા!

એલીફ—બગ એ, ગાલા મદી જાવું ન દે, તું હયેસ કોન ? એરા હાએ એરા! [એલીફ ધકકો મારી ઓરડામાં આવેછે, શેહેરિઆર આવી પકડેછે.]

શેહેરિઆર—શું કેહયા હું ઘેરા! શું ઘેરા! થારા બાપ ઘેરા! થારા જીવ લેચ! થુને મોરી નાખેચ! હું કેઇ ભેંગીએંગી છે કે મેને ઘેરા કેચ!

એલીફ—(બામજીને) મીસતર બામજીભાઈ એહેલા ઓગા તુમચા નાંવ કાહે! તુમચે વરતી પાંચ હજાર રૂપય સાટી વારિન્ટ આહીત. તુમી રીસપેકટયાબલ મ્યાન આહે મનુન મી હાફ અવર વેટ રાહેલ. પાએજલ તર મની દીયા, નાહી તર ચલા માજી સંગાતી. મિસતર બામજી, તુમી અમાલા બ્લેમ કરૂં નકો હો! અમી તર અમચી ડયુટી બજાવતો. પરંતુ તુમચી વરતી ગ્રેસ કરૂનં હાફ અવર વેટ રાહતો. યુ મેક ટ્રાઇ ફોર મની.

બામજી—ઓ બાપ અફસોસ! અરે ભાઇ એલીફ, મારી પાસે પૈસા કંઇ નથી. અરે કોઇ આવોરે! ઓ યજદાંન, કંઈબી તો તું હવે મારા બુઢાપાપર દયા કર! શું તું ચાહે તો મને આએ આફતમાંથી નહી છોરવે! અરે! અરે! શેહેરિયાર, હવે હું મારૂં કાળું મોતું કોઇને કેમ દેખાડશ! શેહેરિયાર હવે મને જયા વગર ચાલશે નહી.

[બામજી રડેછ તેને જોઇ શેહેરિયારબી રડેછે]

શેહેરિયાર—શુ જાઈચ ? શું થોં જાયેચ, થારે ઊં કાહાં જાયેચ ?

બામજી—હું ઘણોજ શરમીંદો છેઉં મારા નીમકહલાલ શેહેરિયાર, કે તારા દસ બાર પગાર મારી ઉપર માગતા રહી ગીયાછ, જે હું તુંને હમણા આપી શકતો નથી, પણ જો હું તુરંગમાંથી છૂટી આવશ તે વખતે કંઇબી કરી તારી નીમકહલાલી ભરેલી નોકરીનો બદલો વાળી આપશ.

શેહેરિયાર—હમણાં ફેગારની સોંની વાત કરેચ ? થારી પાસ ફેગાર કોન માંગીચ ? જો એમના મારી પાસે રૂપિઆ હોયચ થો હું થુને છોડવેચ. હું થારીપર મારા જીવ આપીચ, જીવ!

બામજી—શાબાશ, શાબાશ, મારા નીમકહલાલ શેહેરિયાર, શાબાશ! ઈરાણી લોહી સદા વફાદાર, નીમકહલાલ અને સાચ્ચુંજ

હોએછ, તે તેં સાબેત કરી આપ્યુંછ, પણ હવે મને જયા વગર છુટકો નથી. જા બાઈ, માહરી ડગલી લાવ.

બેલીફ—સર, અથાં મેક હેસ્ત, મેક હેસ્ત. અમી તુંમચી સાતી લઇ વેઢ રહાલા, અથા આઇ વૅાન્ટ ઇસ્ટાપ આ મીનીટ.

[સર્વે જાયછે, બીજી તરફથી કોલીબાઇ ધબરાટમાં આવેછે.]

કોલીબાઈ—અરેરે વાય! હવે શું કરૂં! કોઈ મલેબી નહીં! કોણને મોકલું! હું કેહેતીતીરે કેહેતીતીજ, કે કોઇ દાહરો મદદનો ફજેતો થશે! વેહા વાજન કરે તાં પાંચ પઇસાનું કરજ દેણુ તો થાય, તે ઓજીયાં એમ આવીને પકરી લઈ જાએ!

[શીરીન ધબરાટમાં આવેછે.]

શીરીન—કાંય માય! તમે એમ કાંય કરોછ! શું છે?

કોલીબાઇ—(જરા રડવા જેવી થઇને) દીકરી, તારા બાપપર તો ઓંજણી ધાર આવી તે શું કરૂં? લગનને બે પાંચ વરસ થતે તેટલાં તો રૂપિઆ ભરાઇ જતે, પણ મુંવા તો રંન પરજ ચઢિયાં. એ તો ઓંજણી કંઇ તારા બાપના ધેરમાં દીકરી આવી!

શીરીન—પછી તે દીકરીનું શું કીધું? દીકરી કોણની આવી? તે કાંહાં છે?

કોલીબાઈ—બરી કંઇ સરકારની દીકરી કેહેછ—તે તો ઓંજણી આવે તે કેજે પાણી પીવા ઉભી નહી રેહે? ધરી પકરીને બસ લઇજ જાએ?

શીરીન—તારે શું બાવાને પકરી લેઇ ગીયા?

કોલીબાઈ—હાસ તો! હવે જી ભરૂ જહાંગીરશાહ વેહેલો આવે તેને મોકલું, કે જઇને સસરાને પાછા છોરવી લાવે.

શીરીન—(જરા અંદેશા સાથે) જહાંગીરશાહનુંબી કંઈ સમજ પરતું નહીં! આપણી સાથ કંઈ દીલ ખોલીને બોલતો નથી. એની પરબી કોણ જાણે શું ધાર છે! [શેહેરિયાર હાંફતો હાંફતો આવેછે.]

શેહેરિયાર—બોઇ, બોઇ? સેરકારનાં સીફઈ ઓયાચ ને જહાંગીર-શેઠને ફેકડી ગીયા! [ઝડપમાં જાયછે.]

કોલીબાઈ—અરેરે! ઓંજીયા આ શા ડખ! એ તો પરતી પર પચાસ!

શીરીન—માએ, તારે હવે હું શું કરૂં!

[ચક્કર આવવાથી કુરસીપર બેશેછ.]

કોલીબાઇ—શીરીન ! તું કાંય મારીપર જુલમ કરેછ દીકરા ? જરા ધીરજ પકર ! કંઇ ઓરદોર કરિએછ ! મરેરે ! હું તો જહાંગીર પર આશા બાંધતીતી કે એ અખઇ રેલો કંઇબી કરશે, તે ઓંજણી દાહરાની ચાલે એના મદદનેબી ઘેરી નાંખિઓ ! જોઉં તારે નાજાંને ઘેર જાઉં ! એના વર થતા તરફ તો ઓંછીઊં જોવાબી ગમતું નથી ! ઓંજીયામાં કંઇ શાન સલુખજ મલે નહીં, તે તાંહાં જઇનેબી શું કરૂં ! અરભંગ જેવો રખે મોનાપર ઉડી આવે ! ચાલ ભાઇ, આજે તો હવે ઢેરની ઉતારીને આપણી ચહરાવવી પરેછ ! જોઇએ તે કંઇ કામ લાગેછ ! [બંધે જાયછે.]

અંક બીજો—દેખાવ ત્રીજો.

સોહરાબ ઘોલચાનું ઘર.

[સોહરાબ પાટિયું રેંખતાં નાંજાંને રંડા ખેંચવા બોલાવેછે, તેણી સાથે કામ કરતાં મહિરે જવાની રજા માંગેછે.]

નાજાં—સોહરાબજી, જો કેહેવો તો જરા માએને મલી આઉ ? ઘણા દાહડા થયા મલાયું નથી તે જીવ ભરાઇ રહ્યોછ !

સોહરાબ—આજે નહી ને કાલે જાએ તો ચાલે કેની ?

નાજાં—તે તો જેમ તમારી મરજી; હું તો એમ ધારતીતી કે આજે પરવાર આવેલીછે તે જરા ઉભી ઉભી ફેરો મારી આઉ !

સોહરાબ—કાલ પર રાખ, કાલ પર. આજે તો મારી ડાહીને ઘેર જઇએ. તારી બારી મંગાવેલી તે આજે તો તાંહાંજ જઇએ !

નાજાં—તે તારી ઘેરમાં મંગાવેલી છે ? તારી પીવાની મજા તો ખજુરાંમાં હોય !

સોહરાબ—તે ખજુરામાંબી જાહુંજ તો ! પણ તેને હજી વાર છે, વાર ! આએ તો ડાહીનો એક હગો છે, તે એમ ઝારતાર મોકલે ! હાથે મજાનું ઊંબરીઊં ને ટીખ્ખા ટીખ્ખા ટીકાબી મોકલે, તેની બહુ મઝા પડે ! મુગાં મુગાં તારી પી ખાઇને હલ્લુ રહીને ઘેર આવહું ! હમણા તો ચાંદરણુંબી હારું પરે ! ચાલ વેહેલી થા !

[નાજાં જાયછે.]

સોહરાબ—એ આ બઇરી બહુ રાંક છે હો! મને તો બહુજ ગમે! હાડકું રેરવાયલું કેની તે કેટલુંએ કામ કરે પણ માલમજ નહી પડે. હાથે વરી કર ફહરવાલી પણુ હારી છે! હમજુ છે, હમજુ! એ મને તો પેહેલાં એનાં ગીતડાં ને રાગરા કંઇ ભાવેલાં નહિ, પણ હવે ગાય કેની તે એનાં ગીત મને હાંભરવા ગમે તો ગમે પણ હાથે ગાવાબી ગમે! [નાજાંના ગાવાનો અવાજ અંદરથી આવેછે, સોહરાબ કાન દઇ સાંભળેછે.]

ગરબી.

નાજાં—માહરારે સ્વામી બોલોની વાહલા.—માહરારે.
ઘેલીરે થઇને ગોકુળમાં ભમતી,
બીજારે કોઇની વાતો નથી ગમતી.—માહરારે.

સોહરાબ—એ જોરે! ગાય! ગાય! કામબી કરે ને ગાયબી, એ બહુ હારૂં! ગાતાં ગાતાં કામ કરિએ કની, તે કામ બહુ હેલું લાગે. [કામમાં ગુંતાયછે તેટલાં નાજાં ગાતી ગાતી આવી ને સામાન ઊંચકી લઇ જાયછે તે જોઇને ખુશ થાયછે] હાએબની મેહેરબાની! હાએબ, જેવાં હુખી રાએખાંછ તેવાંજ રાખજે!

નાજાં—(તૈયાર થઇને આવેછે) સોહરાબજી, તમે કયારે કપરાં બપરાં બદલશો? આએ હું તો તૈયારબી થઇ આવી?

સોહરાબ—(પગ પર નજર કરી) નાજું તું હજી આ ખેન કોતક નહી મુકે? આ ઇહટાપરાં બીહટાપરાં આપણુને નીહી છાજે જો! લોક અહે! કે આ હુથારની બેરી તે વરી ઇહટાપરાં હાનાં પેહેરે!

નાજાં—કાંએ! લોક હસે શાનાં! મારા ધણીને જી! મારા પેહેરાવતા ઓઢાવતા પરથી મરૂં તે હું મારા ગરીબરા વરેબી મોજ કરૂંછ! આપણે રળી કમાઇ હાડકું રેરીને ખાઇજીએછ પીજીએછ, ને પેહેરીએછ ઓઢીએછ. કંઇ કોઇની પબી હરામ હજીસનું તો નથી વાપરતાં!

સોહરાબ—તે તો બધું ખરૂં! પણ આપણે ગરીબ મનીખ પથરાં!

નાજાં—ખરી વાત છે! પણ આપણે આપણા ગરીબ સંસારેબી ઠાયાં ઠોયાં કાંએ નહીં ફરિએ?

સોહરાબ—બા તારી ખુહી! હું તુંને દલગીર નીહ કરવા માંગતો!

નાજાં—નહીં મરૂં, એમાં દલગીર શાનું થવાનું ! તમે મને દલગીર કરવા નહીં ચાહાતા તો હુંબી તમુને દલગીર કરવા નથી ચાહતી. આએ લેવો, તમારી મરજી હોય તો મોજાં કહારી નાખું ! એમાં શું છે !

સોહરાબ—હા, કારી લાખ ! કારી લાખ ! લોકની નજરમાં અમથાં આવી જાહું !

નાજાં—(મોજાં કહાડતાં) લેવો તમે રાજી થયા ! જે વાતમાં મારો ધણી રાજી, તે વાતમાં હુંબી રાજી.

સોહરાબ—મારી નાજન ! તારે હારૂં તો જે કરૂં તે થોરૂં થાય ! (સ્વગત) હું હારી બૈરી છે ! વારે ! (નાજાંને) તું આ બધું મારૂં કહ્યું કરે કેની તે મને બહુજ ગમે જો !

નાજાં—વરતું કહ્યું બૈરીએ કરવુંજ જોઇએ ! એમાં નવાઇ શું કીધી ! પણ સોરાબજી, તેમ તમુનેબી બૈરીનું કહ્યું કરવું જોઈએ જો !

સોહરાબ—તો હું ? મારી નાજાં કંઇ કીયે તે નીહી કરા કે ? તારા જેવી બૈરીપર તો મારો જીવ આપા, જીવ !

નાજાં—તારે જુઓ સોહરાબજી, આપણે ઘેરમાં કામ ધંધે વળગેલાં હોઇએ તારે તો જેવાં તેવાં રેહેવાએ, પણ બહાર નીકલિએ ત્યારે જરા ઠાંયાં ઢોયાં થઈને નીકલિએ કેની તો સારૂં લાગે. મોજાં પેહેરવાનાં છે તે કંઇ વરાઇને વાસ્તે નથી, પણ સફાઇને વાસતે છે. તેથી જો તમે કેહેવો તો બાહર જવે આવવે પેહેરૂં, ને નહીં તો તમારી મરજી.

સોહરાબ—આએ વરી તેં એની એજ વાત કહાડી ! (સ્વગત) બાપને ઘેર પેહેરવાની ટેવ પરેલી કેની, તે મુકાય નહી ! (નાજાંને) વારૂં ચાલ, તારી ખુહી છે તો પેહેર, તારો જીવ ખુહી રાખ. પણ જો આ કહી મુકું કે અકરાટ નહીં કરવો હોં ! (નાજાં જાયછે) બૈરીએ મને અરધો હુધારી લાખેલો હોં ! [કોલીબાઇ તથા શીરીન આવે છે.] આવો હાહુજી આવો ! તમે કંઇથી ભુલાં પરેલાં ! આવો હીરીનબાઇ ! હારી પેઠે તો ખરાં !

શીરીન—હા બા છૈયે, તમુને હુવા કરિએછ. [નાજાં આવેછે.]

નાજાં—ઓ માએ, તમે કાંહથી આમાં ? હું આજે આપણે ઘેરજ આવતીતી, પણ તેટલાં સોરાબજી કેજે મારી માએને ઘેર જઈએ. કાલે તો હું ખચીત આવવાનીજ ઉતી. (શીરીનને જોઈ) કેમ શીરીન, દિલગીર જેવી કેમ લાગેછ ?

કોલીબાઈ—માય, તારા બાપનાં મદઇને પકરી ગીયા !

નાજાં—બાવાને પકરી ગીયા ? કાંયે ? કાયે ?

કોલીબાઇ—કંઇ બરેલાં માગતાં લેણાંને સારૂં પકરી લઇ ગીયા !

નાજાં—ઓ વાએ ! તારે હવે શું કરિએ ! સોરાબજી, આએ સાંભલ્યું કે ! મારા બાવાને ધરી ગીયા !

સોહરાબ—હું ? હહરાજીને ધરી ગીએલા ! હાય હાય ! હવે કેમ થાહે !

કોલીબાઈ—બાવા, શરમ તમારે હાત રહીછ મરૂં ! તમે કંઇ દોર ધામ કરીને છોરવી લાવો તેજતો !

સોહરાબ—તે બાપા મારાથી હું થવાનું ઉતું ! આપણા જહાં ગીરહા કાંહાં છે ? તેવોને તેરાવોની !

શીરીન—મારા જહાંગીરશાહનેબી પકડી ગીઆ !

સોહરાબ—ઓત તારી ! હહરા જમાઇને બેહુને પકરી ગીએલા! રૂપિઆ કેટલા રૂપિઆ ? હહરાને કેટલા રૂપિયા હારૂં ધરી ગીએલા ?

કોલીબાઈ—ઓંજાણી કંઇ પાંચ હજાર રૂપરડી કેહેછરે !

સોહરાબ—ને જહાંગીરહાને ?

શીરીન—આઠસો નવસો કેછ !

નાજાં—(ફગલી પરીને) કંઇબી કરો મરૂં ! ને એટલા છોરવી લાવો. (સ્વગત) ખુદા ખબર આઠ સો નવ સો રૂપ્યાનું શું કીધું હોશે !

સોહરાબ—હાંજયા હવાર હુધી આઇસકીમ ખાધું હોહે. નાજાં, તું કાંએ બલાપો કરીને મારો જીવ બારે ! (સ્વગત) હું કરૂં, એની બહુ દયા આવે ! એને લીધે તો આ મારૂં કલેજું બધું કપાઇ જાએ !

નાજાં—તે તમે એમ હવે વમાસન શું કરોછ ? મારી ખાતર એટલું કરો, તમારીપરથી બધી મરી જવશ. મારા જી ભરાયા બાપના એવા હાલ જોઇને હું જીવી કેમ શકું ? [રડેછે.]

સોહરાબ—તું ના રડ. હબુર કર, હબુર. કરૂંછ, કંઇ વિચાર કરૂછ. તારા બાપને વાહતે તો કંઇ બી કરાહ !

શીરીન—ને મારા જાંગલાને સારૂં ?

સોહરાબ—તો તે તમારી જાંગલા મડમની વાત તમે જાણો ! તેમાં કંઇ મારીથી પરાય નહીં જો !

શીરીન—માએ, મારા જાંગલાને નહીં છોરાવે તો હું તો કુવોજ પુરૂં જો !

નાજાં—ના ધભરા બેહેન ! (સોહરાબને) મરૂં આટલું માંથે લીધું તો આએબી એટલું કરીજ આપો; જહાંગીરશાહનોબી છુટક થાય તો બધાંનાં મ્હોનાં હસ્તાં રેહે. જોઇએ તો મારી જનસ ભાવ છે તે લઇનેબી કરો, પણ આટલી ગળે આવેલી કાંટીમાંથી તો છોડવો !

કોલીબાઈ—હા, બા હા, એટલી એક વખત તમે શરમ રાખો ! મરૂં, મારૂં કોઇ સજાતનું ફરજંદ છેવો તો આવીજ વખતે કામ લાગો બાવા ! કેહેતીજ છે બાવા, કે દીકરી આપીને દીકરો લીધો, પરાગો હતો તેને પોતીકો કીધો. તેમ બાવા, તમે અમસા પોતીકાજ છેવો તે હીંમત પકરી તમારી આગળ ઉમેદભર આયાંછ, તે આવી લાચારીની વખતે નાઉમેદ ના કરતા મરી જાઉં ! [બધાં પગે પડેછે, સોરાબને દયા આવવાથી રૂપિયા લઈ બધાં સાથે જેલ તરફ જાયછે.]

અંક બીજો—દેખાવ ચોથો.

માંગતાં લેહેણાની તુરંગ.

[બામજીભાઇ અફસોસ કરતો જણાયછે.]

બામજી—અફસોસ ! આએ મરતી વખત હાંડકાં ધુજેછ ! જનમારા આખામાં તુરંગનું મોનું નહીં જોયલું તે હવે મરતી વખતે જોવું પડિયું ! રાંડને ઘણું ના કહ્યું પણ સમજેજ નહીં ! મરાઇ મરાઇને મોટા ખરચ કરાવિયા ને મોટી રીતો અપાવી ! અરે એ સીપાઇ દાદા ! જરા તુરંગકા પાણીતો લાવીને પા ! લોક કેતા હએ કે તુરંગકા પાણી બોત હજમિએત હએ, તો જરા દેખિએ તો ખરા

(સિપાઈ પાણી લાવેછ તે પીને એક બે અટકાર ખાયછ, તેટલાં બેલીફ સાથ જહાંગીરશાહ દાખલ થાયછ, તેને જરા દુરથી જોઈ) આએતો જહાંગીરશાહ આવેછ! એને કંઈ મારી કદર આવી ખરી હોં! કેવો દિલગીર જેવો લાગેછ! વારૂં હતો તો આજે હસીને આયો તો ખરો! દીકરા દીકરી એવીજ વખતે કામ લાગે તો! શુગરાના તે સાહેબના! (જહાંગીરશાહ બેલીફ સાથે આવેછે) આવ દીકરા આવ, (કોટી કરેછ) કાંય બા, શું કરવા એટલો દિલગીર દેખાયછ!

બેલીફ—શેઠજી! યાલા તરી તુરંગાચા પાણી ગોડ લાગતો મણુન આલે હાય!

બામજી—કયા! એલાબી તુરંગમે લાયા! કાયકે બાશતે લાયા? કાંય બા! તુને શું થયું?

જહાંગીર—હવે તે વાત હમણા શાની પુછોછ! દુખપર ડાહામ કાંય દેવોછ! મરવા દેવોની મુજે મોને!

બામજી—મેં તો ધારિયું કે ધમધમ કરતો જમાઈ સસરાને છોડવવા આગો! તો તેને બદલે એવણુબી સસરાના સાથી થઈ લાગા!

[બીજો બંધવો દાખલ થાયછે.]

બંધવો—(ખુશ દેખાવે કંઇ લલકારતો) અરે શેઠિઆઓ, એમ બેસીને અફસોસ સાના કરોછ! ઉઠો ઉઠો! ચાલો, મારી ઓરડીમાં આવો, બે ઘડી ખુશ ટપા લગાવિએ! થવાનું ઉતું તે થયું! ચાલો, આવો, પાનાનો એક ડાવ માંડિએ. રૂવાલા રડી રહ્યા! આપણા બાપનું શું ગીઉં! ખાધું પીધું તે આપણે ગતે લાગું! માગનારને કહિએ બચ્ચાજીઓ, હમણા હમારાં પેટ તો ભરો! ખાસા મજેનાં છ છ આના રોજ મલેછ! ચાલો બા ઉઠો! આજે હમે બે ચાર જણે ભાગમાં ખરિઆનું ટપીલું કરાવેલુંછે! સાથેજ જમશું! ઉઠો! ઉઠો!

બામજી—વારૂ બાપા! પછી જોઇશું! હમણા જરા ગગરવા દે! (બંધવો જાએછ, નાજાં, શીરીન, કોલીબાઇ, સોહરાબ આવેછે, બામજી તેવોને જોઇને ચોંકછે) એ આએ બધી હાલી મવાલી શાની ઉતરી પડી!

સોહરાબ—(સસરાને પગે પડી) બાપા, ઘાભરા ના પડો, હઉ હાંરૂજ છે! (ચોકીદારને) એ તારો હાબ કોણ છે તેને તેડ, હું